આપણા ધરમનાં ફરમાનોમાં સમાયલી ખુબીઓ અને તે નહી સમજવાથી નીપજતી ખરાબીઓ.

હુખ મજ્દયસ્ન નામ પતરમાં છપાયલી બાબદોનો સંગ્રહ.

(વધારા તથા સુધારા સાથે.)

લખનાર
રૂસતમજી દોરાબજી બીલીમોરીયા.

મુંબઇ.
અલાયન્સ પ્રીંટીંગ પરેસ નંબર ૭ મરીન સ્ત્રીટ
કાવશજી પેશતનજી શરાફે છાપીયું છે.
યજદેજરદી ૧૨૫૧ ...ને ૧૮૮૨.

કીંમત આ૦

આપણા ધરમનાં ફરમાંનોમાં સમાયલી ખુબીઓ અને તે નહી સમજવાથી નીપજતી ખરાબીઓ.

હુખ મજદયશ્ન નાંમ યાને મજદયશ્નીઓનો દોસ્ત.

મંગળવાર તા૦ ૧૭મી જાનેવારી સને ૧૮૮૨.

જરથોસતી ધરમનાં ફરમાંનોની ખુબીઓ તથા બારીકીઓ શમજાવવા જેવી બારીક બાબદના બીકટ વીશય ઉપર આજ રોજે હમો હમારી કલમ ચલાવવા માગીએ છીએ. તોપણ હમારે કબુલ કરવું જોઈએ કે આજની હમારી બાબદને માટે જેટલું ધરમ ગ્નાન સંપાદન કરવું જોઇએ તેટલું હમોએ સંપાદન કરેલું નથી, તોપણ હમારી વીચાર શકતી પહોંચે ત્યાં સુધી એ બાબદ પર બોલવાનો હમોએ હેતુ રાખ્યો છે. જરથોસતી ધરમના ફરમાનોની મોતેબર ખુબીઓ જો આપણા જરથોસતીઓ થોડે દરજજે બી સમજતાં હોયતો તથી તેમને મોટો લાભ થાય. આગલો વખત એવો હતો કે માણસ જાતને તેમના સુખનો મારગ બતાવવાને તેમને ધરમ રૂપી ફરજો બતાવવી પડતી હતી, કેમકે તે વેળાના લોકો ધરમપર એતેકાદ રાખનારા હતાં, પણ આજનો વખત તો તેથી ઉલટો છે. આજના જુવાન્યાંતો બસ દરેક વાતનાં કારણોજ જાણવા માગેછે. જો તેમને કહ્યું હોય કે ભાઈ સહવારના પોહોરમાં ઉઠતાંને વાર તરો લેવો તો આપણા જુવાન્યાંવો તરત પુછવા મંડી જાશે કે તરો કાંય લેવો જોઇએ, તેનું કારણ શું, તેની મતલબશું, તેના ફાયદા શું તથા તે સહવારેજ કાંય લેવો જોઇએ? આપણા જુવાન્યાવોના આવા શવાલો તથા તેમની તેહકીક કરવાની રીતીઓ માટે હમો તેમને જરાપણ ઠપકો આપવા માગતા નથી, કેમકે એવી તેહકીકથીતો ઓર તેમને ફાયદો થાય છે, પણ હમો દલગીરી સાથ જણાવીએ છીએ કે આજે આપણા જુવાન્યાવોના આવા આવા શવાલોના જવાબ આપવાને કોઇ બહાર પડતું નથી, તથા તેનું કારણજ એવી બાબદો શમજાવવામાં થતી આવેલી ખાંમીઓ છે. આપણા લોકો આવા શવાલો કરનારને હશી

અને તેમની આવી હશીથી કેટલા

તેવી બાબદોથી અંજાણ્યા રહી જ

સુધરેલા જમાનામાં દરેક બાબદોના

જાણવાં, એ તો દરેક જણની આજે ફરજ

પડીછે. એવાં કારણો જાણવાની તથા તેહકી

કરવાની રીતી ઉપરથી તો તરેહવાર શોધો થા

છે, અને થઇ છે, તથા કેટલી અંધારામાં રં

લી બીનાવો જાહેર થઇ છે. જરથોસતી ધર

ની બારીકીઓ તથા તેમાં શમાવેલી ભરમ

રેલી ખુબીઓથી એ ધરમ આજે દુનયાન

ટલાક પોકલ ધરમ ઊપર સરસાઈ ભોગ

બનશ્થાન જાતનાં સઘલાં સુખનાં સાધનો

રથોસતી ધરમ સંગીન બનેલો છે, પ

ગીનપણાંનો ભેદ તેમજ તેનાં કારણે

મજાવવાને બહાર પડતું નથી,

કશાં સાંધનો નથી. અને

પણાંમાં નહીં હોવાથી અ

ધરમ ઉપરનો એતેકાદ દહા

થાતો જાયછે. જરથોસતીઓમ

બે દરકારીથી એ આપણા

બીઓ શમજાવવાને કોઇ

આ ફરજ આપણા અથોર

પણા જરથોસ્તી લખનારાવોની છે. પણ દલગીરીની વાત છે કે આપણા જરથોસતી લખનારાવો એવી બાબદોમાં પોતેજ બે ખબરા હોવાથી તેવો ઘણીવાર ઓરનુ ડોર કરી મુકેછે.

આવી બાબદ આજે હમારે હાથ ધરવાની મતલબજ થોડે કે ઘણે દરજજે હમારી ફરજ અદા કરવાનીછે. કે જે ફરજ દરેક જરથોસતીઓને માથે લટકેલીછે. આ ફરજ અદા કરવાનાં સાધનો વરતમાન પતરોછે, પણ તેવાં વરતમાન પતરો જો આવી બાબદો ઉચકી લેય તો પછી તેવોને બીજાઓની ઢીંગ કાઢવાની તક મલે નહીં ! વલી તે સાથ તેમનું ગ્નાન તેમને એવી બાબદોથી વધારે દુર રાખેછે. આજ સુધી આવી અડચણો ટાલવાનેં આપણાંમાં એક વરતમાન પતરની ખુટ હતી અને તે ખુટ કેટ-
-રજજે આ હુખ મજદીયસ્નનામ પતરથી
હમારી આજની આ બીકટ બા-
.ા આટલો ખુલાશો આપવા પછે હમો
મુલ મતલબ ઉપર આવીએ છીએ. પણ
‹નારે યાદ રાખવુ કે હમો જે કાંઇ
મજાવવા માંગીએ છીએ તે માતર સાધારન
ચાર શકતીને આધારેજછે.

આપણા જરથોસતી ધરમમાં બંદગીને
ટે વધારે તાકીદો કરેલીછે. આ બંદગીઓ
શાહેબની બનાવટોનો આપણાંમાં મોતબર
લ ઉતપન કરે છે. આપણી એ બંદગીઓ
'હેબની દરગાહમાં જુદા જુદા ફરેસતાવોની
! પોંહાચે છે. આપણ જેમ શુરય, ચંદર,
'રવત કે આતશ યા પાણી પુંજતા નથી,
ઉપર મવકલ કરેલા ફરેસતાવોની પણ
.ા નથી. આપણે તો માતર એવી
હજુર ઉભા રહી, તેવી ચીજો
.ના ફરેશતાવોને આધારે તે શા-
વખાણીએ છીએ. કોઇ પણ
ગીઓ તો જોડાયલીજ હોયછે,
ી મતલબજ તે શાહેબની
હોયછે, પણ એવી બંદગીઓ આપણા જરથોસતીઓ આતશ પાણી અને એવીજ નુરમંદ ચીજો હજુર ઉભા રહી કરેછે, તેમાંથી આપણને અનેક જાતના ફાયદાવો હાંશલ થાયછે. એક તો એવી ચીજો તરફ આપણું ધ્યાંન લાગેલું રહેવાથી આપણે બીજી બીજી બાબદોના વીચારોથી મોકલા રહીએછે—આપણું ધ્યાંન એકજ ગમ રહેવાથી તે શાંત રહેછે, અને તે શાંતપણામાં આપણને બુરા વીચારો, ખોટા ખયાલો આવી શકતા નથી—આપણી સંઘલી જંજાલોથી તે વખતે આપણે મોકલા રહીએ છે અને તેમ હોવાથી બંદગીને કશો અલજામ કે ખલેલ પહોંચી શકતો નથી. વલી એજ માફક એવી નુરમંદ ચીજો હજુર ઉભા રહી બંદગી કરવાથી આપણી તનદરોસતી વધારે જલવાયછે. આપણા ધરમમાંથી આપણને જે કીમતી અને મોતબર ફાયદાવો મલી આવે છે તે સઘલા આપણી તનદરોસતીનાં સુખને લગતાછે. આપણાં લોકો કહેછે કે "એક તનદરોસતી હજાર ન્યાંમત" તો તેવી તનદરોસતી આપણે આપણાં ધરમનાં ફરમાંનો બજા લાવ્યાથી મેલવી શકીએછે. માટે જયારે આવાં ફરમાનો બજાવ્યાથી આપણે સારી તનદરોસતી મેલવી શકીએ તો પછી એથી બીજો સરસ ધરમ કીયો હોવો જોઇએ. તથા એ ધરમથી જયારે આપણી તનદરોસતી આપણે મેલવી શકીએ તો પછી તનદરોસતી શીવાય આપણને બીજી શાંની જરૂરછે. આપણી તનદરોસતી એજ આપણું ખરૂં સુખછે—એજ આપણી દોલત છે અને એજ આપણું જીવતરછે. સારી તનદરોસતી શીવાય આપણને આ દુનીયાંની કશી ચીજની વધારે જરૂર નથી. આપણે બંદગી કરીએ છે તે પણ કાંઇ ધન દોલત મલવાને કરતાં નથી. આપણી તનદરોસતી સારી હોયતો આ ફાની દુનીઆની મોજ ભોગવવાના આપણી પાસ ઘણા ઊપાયો છે. આપણી પાસ લખો રૂપીઆ હોય, પણ જો તનદરોસતી ન હોય તો તે સંઘલું આપણે મનસે નકાંમુ છે. આપણી પુરાંની

કહેવત માફક "જીવને સુખ તો જેહાંનનું સુખ." આ દુનયાંમાં સઉથી અમુલય સુખ તનદરોસતીનું છે, અને તે સુખ મેલવવાના મારગો આપણુને આપણો જરથોસતી ધરમ દેખાડે છે. અવસતા વાણીઓમાં જરથોસતી ધરમની બુલંદી વીશે જે જે આવેલું છે, તે સઘલું ન જણાવતાં ટુકમાં આટલુંજ જણાવવું બસ છે કે આપણે જે મોતેબર ધરમ માગતીએ છીએ, તે ખરેજ આપણી એક મગરૂરી છે, તથા એ ધરમમાં જનમનારા આપણુ ખરાજ ભાયગશાલી છીએ કે આપણે માથે આવા એક બુલંદ ધરમનો છાયો છે.

મંગલવાર તા૦ ૩૧મી જાનેવારી સને ૧૮૮૨.

ગયા અંકમાં ઉપલી બાબદ શમજાવતાં હમોએ જરથોસતી ધરમનાં મોતેબરપણાં વીશે એશારો કરયો હતો, તેટલોજ પુરતો ધારી આજ રોજે એ મોતેબર ધરમનાં ફરમાનો બજા લાવ્યાથી થાતા ફાયદા વીશે જણાવીએ છીએ. આપણા ધરમમાં આપણુને નહાતી—ધોતીવેલા, બંદગીની વેલા, પીશાબપાણી કરતી વેલા, જમતી વેલા, અને એવાજ બીજા વખતો ઉપર બાજ ધરવાની ખુબ તાકીદ કરેલીછે. હવે આ ફરમાનની ખુબીઓ તો આજે યુરોપના દાકટરો વઠીક કબુલ રાખેછે. એ ફરમાનથી આપણુને થતા છુપા ફાયદાવો એક કોરે મુકી દેખતા જે જે ફાયદાવો થાયછે, તે તપાસીએ.

બાજ ધરી મુગે મોને જમવાથી જે મોતેબર ફાયદા થાયછે તે એ કે એકતો એથી કરી જેમ ઘણા લોકો ખાતા વેલા બબડેછે, કે આતો ખારૂંછે, તીખુંછે, બરેલુંછે, કાચુછે—તેમજ મોટાં ખાનાની મીજલશમાં ખવાડનારનેજ કેટલાકો ટેબલપર બેઠા બેઠા વગોવેછે, તે બને નહી. એમજ ઘણીવાર ખાતી વેલાએ બોલવાથી કેટલાકો મીજાજ ખોઇ દેયછે, અને એમ મીજાજ ખોવાથી લોહીના જુશામાં ફેરફાર થાય છે, અને તે ફેરફારથી પેલું ખાંનુ હજમ ન થવાથી પેલા ખાનારને નુકસાન થાયછે, તેજ માફક જો કોઇ સ્ત્રી ગુસસામાં આવવા પછે, અથવા તાણીને બોલવા પછે, તરત પોતાનાં બાલકને ધવાડે તો પેલું બચું તરતજ આજારી — જ્યારે માયના જુશાથી બચાંને દુખ થાય તો આપણા ખાતી વખતના તેવાજ જુશાથી આપણુને દુખ થાય તેમાં શું નવાઇ. વલી ખાતી વખતે બોલવાથી આપણે ઘણીવાર જોઇએછે કે કેટલાકને બુક ખુતેછે, અને એમ બુક ખુતવાથી કેટલાક જીવોની પણ ખુવારી થયલીછે, આમ બુક ખુતવાનું કારણ એ કે આપણાં ગલામાં બે નલીઓ છે વાટે આપણે ખોરાક પાણી વગેરે એ, તથા બીજી વાટે બોલવાનું કામ એ બોલવાની નલીને હવાની નલી એટલે (... tube) એર ટયુબ કરી કહેછે. એ નલી બો... તી વખતે પોહાલી થાયછે, તેથી જો ખાતી વેલા બોલવા હોઇએ તો પેલું ખાવાનું ખો... ની નલીમાં જવાને બદલે એ હવાની નલ... ઉતરી જાયછે, અને તેથી આપણો જીવ લાયછે, તેને આપણાં લોક બુક ખુંતો... હેછે. પાણી પીતી વખતે પણ એમજ પ... નલીમાં ઉતરી પડેછે, જેથી કેટલીકવાર એટલાં તો ગુંગલાઇ જાયછે કે બાને... તેવો મરાણ પણ મેલી દેયછે. હવે ઉપરથી જમતી વેલાએ આપણ... ની કેટલી જરૂરછે, તે સીધ...

હવે જમતી વખતની... છોડી પીશાબપાણી કરતી વેલા... આવીએ. હમોએ ઉપર જણ... જરથોસતી ધરમમાં પીશાબ... ધરવા (ચુપ રહેવા)ની તા... કીદ પણ આપણુને ઘણી

પીશાબ કરતી વેલા જો આપણે બોલતા હોઈ-
એ અથવા આપણા હોઠ બીડાયલા નહીં હો-
ય તો તેના છાંટા કેટલીકવાર ઉડેછે, જેથી આ-
પણી તનદરોશતીમાં બીગાડો થાયછે. વલી એ-
મજ જો આપણું મોંહ બંધ નહીં હોય તો
પીશાબ માહેલી કેટલીક રજકણો અથવા જેરી
તતવો જે બહાર આવતાંવારજ હવા સાથે મલી
જાયછે, તે એકદમ આપણાં શરીરમાં નાક અ-
થવા મોહનાંને રસતે દાખલ થઈ જાયછે. અને
એને માટે તો જરથોસતી ધરમમાં એટલી તા-
કીદ કરેલીછે કે પીશાબ કીધા પછે તે જગો-
એથી તરણ કદમ દુર જવા વગર બોલવું નહીં.
કેમકે પેલાં જેરી તતવો જે હવામાં ફરતાં હોય
છે, તે ચોખી હવા સાથ ભેલાઈ જતાં જે વ-
ખત લાગેછે તેટલામાં આપણે તયાંથી ચાલી
એ તો તે આપણાપર કશી અસર કરી શકે
ગ તયાંથી ચાલી નહીં જઈએ
ખત મોંનું બંધ રાખી તયાંજ
હીએ, તો તેથી પણ આપણને કશો
ભ પહોંચતો નથી, આપણાં લોકો આવી
રીકીઓ નહીં શમજવાથી પીશાબ કરતી વે-
ચુપ રહેવાની કેટલી જરૂરછે, તેની દરકાર
ા નથી. વલી પીશાબ કરવા પછે આપણને
આબ એટલે હાથમોનું ધોવાની તાકીદ ક-
, તે પરથી પણ નકી થાયછે કે આપણે
કરતી વેલા તે જગાપર જેટલો વાર
હોયે તેટલા વખતમાં આપણાં ખુલાં શ-
'ખુલું શરીર તે આપણું મોંનું અને
કે એ શીવાય આપણું સઘલું બદન
થી ઢંકાયલું હોયછે.) તયાંની હવા લા-
છાંટાઓ ઉડયા હોય તો પાણી લ-
આપણાં શરીરપર આવેલી પેલી
શકે.

માણે આપણને નહાતી વેલા
રછે. નહાતી વેલા આપણે
ર જે પાણી રેડીએછે તે
ના બાલના મેલ અને
આપણાં મોંનાં પરથી ઉ-
મે વખતે આપણું મોંહ
ઊઆડું હોય તો તે વાટે આપણાં શરીરમાં જ-
વા વીના રહે નહીં. પણ જો કોઈ એમ કહેશે
કે માથાંપર બાલ નહીં હોય અને તે શાજુ
હોય તો પછી શાંની ગલીચી આવે, તો તેવા
સખસોએ જાણવું જોઈએ કે તેવી ગલીચી નહીં
હોય તો શું થયું પણ આપણાં શરીર પરથી
પસાર થતું પાણી આપણાં બદનના બાફ સાથ
મલવાથી રોગીશટ બનેછે, માટે તે જો આપણાં
શરીરમાં જાય તો આપણે હેરાન થઈએ.

આજ માફક આપણને ફ્વાનની પાછલ
પણ સુગે મોંને ચાલવાની જરૂરછે, કેમકે ફ્વાં-
નની ઉપરથી પસાર થતી હવા જો પછવાડે
આવતી હોય તો તે પાછલ ચાલનારાવોના ગ-
લામાં પવનના સપાટા સાથ જયા વીના રહે નહીં.

હવે આ સઘલાં ઉપરથી હમારા વાંચના-
રા શાહેબોની ખાતરી થાશે કે આપણાં ધરમ
નાં ફરમાનો જે આપણને દેખઈતાં નજીવાં
લાગેછે, તે અંદરથી કેટલી વજુદ અને અગત
ધરાવેછે. હમોએ ઉપર જે કંઇ ટુંક ખુલાશા
જણાવયોછે, તેમાં ઠાંમેઠામ કાંઇ નહીં પણ
આપણી તનદરોસતી જાલવવાનીજ વાતો છે.
હમો હીમતથી કહીએ છીએ કે એવો કોઈબી
ધરમ નહીં હશે કે જેમાં આટલી બધી જીંદગી
જાલવવાની જુગતીઓ શમાવેલી હોય. આ દુ-
નીયાંમાં એવો ધરમ માતર એકજ છે, અને તે
ધરમ તે આપણો જરથોસતી ધરમછે. જર-
થોસતી ધરમ આખરથી તે અવલ સુધી આવી
જ બારીકીઓથી ભરેલો છે. આ બારીકીઓ
આજનાં આપણાં બચાંવોને શમજાવવાની ઘણી
જરૂરછે જરથોસતી બાલકોને જેટલી ધરમ કે-
લવણીની જરૂરછે, તેટલીજ તેમને આવી બા-
રીકીઓના ધરમ બોધની જરૂર છે, આપણાં
બાલકોને હાલમાં રાહનુમાએ માજદીયશને સભા
તરફથી અપાતી ધરમ કેલવણીમાં આવો ધરમ
બોધ ભેલાયલો જોવાને હમો ખુશી છીએ.
માટે આ બાબદ ઊપર હમો મજકુર સભાને
ધયાંન આપવાને મજબુત ભલામણ કરીએ છી-
એ હમોએ હમારા આ વીષયને લગતી બાબદ
નો સંગરહ ઉપલાંજ કારણોને લીધે એક ચો-
પાનીયાંના આકારમાં છપાવવાનો ઠેરાવ કરેલોછે,
માટે જો હમારા જરથોસતી ભાઈઓને તે પસંદ
પડતો જણાશે તો હમો તેમ કરવાને ચ...

બ્રેશપતવાર તા૦ ૨૩મી ફેબરવારી સને ૧૮૮૨.

આપણાં લોકો નદી, દરીઓ અને એવાજ ખારાં અથવા મીઠા પાણીનાં નાળાં અથવા ઝરાવો હજુર ઊભા રહી સહવારને પોહોર અથવા દીવસને કોઈ પણ વખતે બંદગી કરે છે, તે ઉપરથી કેટલાકો આપણને દરીઓ પુજનારા શમજે છે. એટલું છતાં આટલું તો હમો કબુલ કરીએ છે કે આપણાં લોકોએ બંદગી સાથ આ દેશની કેટલીક રશમોને ભેલી નાંખેલીછે, આપણાં લોકો પાણીમાં નાલીએર, શાકેર, દુધ, ફુલ વગેરે નાંખેછે—એ ખરેખર હીંદુઓની માનતા જેવું લાગેછે. આ રશમો પરદેશીઓના જોવામાં આવયાથી તેવો આપણા આખા ટોળાને તેમ કરતા શમજી આપણ જરથોસતીઓને દરીઓ પુજનારા ગણેછે. હમણા થોડુકની વાત ઉપર કોઈ અંગરેજે આવો દેખાવ જોયો હશે તે ઉપરથી તેણે અતરેનાં અંગરેજી ન્યુશમાં એ વીશે એશારો કરયો હતો. અને તે ઉપરથી કેટલાક અવાંર નવાર બખાણો ચાલ્યાં હતાં. માટે હવે આ સુધરેલા વખતમાં આપણામાંથી એ પારકી રશમ દુર થવી જોઇએછે. આપણ પાણીની હજુર ઊભા રહી આપણી બંદગી કરીએ છે, તેતો માતર તેને એક કેબલો તરીકે શમજી તેની સનમુખ ઊભા રહીએ છે. આપણે બંદગીમાતો તે શાહેબની બનાવટોને વખાણી તેના પર આફરીન કરીએ છે. આપણે કંઇ આપણી બંદગીમાં દરીયા અથવા નદી પાશ ધન, દોલત કે સુખ માંગતા નથી. આપણ જરથોસતીઓ ખોદાતાલાની બનાવેલી મહાભારત બનાવટોને કેબલા તરીકે ગણી માતર તેની સનમુખ ઊભા રહીએ છે. એ બનાવટો આપણને તે શાહેબની શકતી શમજાવવાને પુરતી છે. તે સાથ એમાં આપણી તનદરોસતીનો મોતેબર ફાયદો શમાયલો છે, અને તે એ છે કે સહવારને પોહોર ... શાંજને વખતે દરીઆ અથવા નદી આગલ ઊભા રહેવાથી આપણી તનદરોસતીને ફાયદો થાય છે, આખા દહાડાની જંજાલ, મેહેનત અને કંટાળાથી ફારગ થયા પછે, બંદગી જેવી એક અગતની ફરજ અદા કરવાને જો આપણે આપણા ઘરનાં એક ખુણામાં બેશીએ તો આપણા જીવને જરાએ રાહત મલે નહીં, પણ ઉલટો તેને વધારે કંટલો આવે, જેથી આપણને કંઇબી સુઝ પડે નહી એટલે પછી આપણી બે દીલીથી બંદગી બરાબર થઇ શકે નહીં. એક માણસ સહવારથી પોતાના ધંધામાં રોકાવા પછે, શાંજના તેને ખુલી હવાની વધારે જરૂર છે, અને એવી જરૂર સાથ બંદગીની ફરજતો આપણે કપાલે ચોંટેલીજ છે, ત્યારે તે આપણી એ ફરજ નદી અથવ[illegible]
[illegible]ના આગલ જઇને અદા કરીએતો તે ર[illegible]
બંદગીના બદલામાં આપણા જીવને જે ર[illegible]
મલેછે, તેટલોજ બસછે. આપણાં લોકો [illegible]
મરદો, ઓરતો તેમજ બચાંવો રોજ શાંજ સહવાર દરીઆ કીનારે ટોળાબંધ ફરવા આવેછે, પણ તેમાંનો મોટો ભાગ માતર ત્યાંની સવચ્છ હવાનોજ લાભ લઇ પાછા આવેછે, પણ તેટલો વખત પોતાના પેદા કરનારનો ઉપકાર માનવાને બદલે માતર દુન્યાદારીની, ખાણી પીનની, ધંધા રોજગારની, દુખ સુખની, વગે[illegible]
વાતો અને કુથલા તથા મજાક મશકેરી [illegible]
વામાં કાઢેછે; પણ જો તેવો તેટલો વખત
બેશી અથવા ઊભા રહી પોતાના પેદા ક[illegible]
યાદ કરતાં હોય તો તેથી એક [illegible]
થઇ જાય.

[illegible]હમણાના કેટલાક સુધરેલા
[illegible]મજાવવા નીકલયા છે કે આપણા
સનમુખ ઊભા રહી [illegible]ણે છે [illegible]
દરીઆ અથવા નદીની બંદગી
[illegible]માવેલીજ નથી, ઇત્યાદી. જ[illegible]
દરીઆની પુંજા યા બંદગી

પણ કબુલ કરીએ છીએ. પણ તેથી ઉલટું, હમણાંજ એક નવા લખનારે થોડા દહાડાની વાત ઉપર પારશીઓ દરીઆ સનમુખ ઉભા રહી ભણેછે, તે ઉપરથી, તેમને તેણે દરીઓ પુંજનારા લખ્યા હતા. એટલું છતાં જો તેનાજ વીચારને આપણે કબુલ રાખીએતો જરૂર આપણે એક ચોકશ નદીના પુંજારા ઠરયા વીના રહીએ નહીં. જેમ હીંદુઓ ગંગા નદીની પુંજા કરેછે, તેમ આગલા પારસીઓ જાણે ઇરાનમાં અરદવી નદીની પુંજા કરતા હતા અને તે ઉપરથી હાલના પારસીઓ હીંદુશતાનના દરીઆની પુજા કરેછે. એવુ શમજાવવાની મજકુર લખનારે કોશેશ કરી હતી, પણ તે કોશેશ તેટલેથીજ અટકી જવાથી હમો તે ઉપર વધુ બોલવું દરૂશત ધારતા નથી. પારશીઓ દરીઓ કે નદી પુંજનારા નથી એ વાતતો આજે ઃ ચોમેર જાણીતી છે. પણ માતર કોઇ ., બે ખબરાવો અને સુધરેલા લખનારો વીચારવે માતર એકાદ બે ઠેકાણેની વેહેમી ના ઉપરથી આખા ટોલાને તેવો શમજી ભટકલના ભમરડા ગુમાવેછે, પણ જો તેવો રૂરવી માહીતીથી લખ્તા.હોય તો તેવો કદીખી આવી ભુલ કરે નહીં.

આવાં ઇજદ આગલ આપણાં લોકો બંદગી કરવા જાયછે, તેથી મોતેબર ફાયદો તો ાપણી તનદરોસતીને થાયછે તયાંની ખુલી . સવચ્છ લેહેરી, અને આપણી આંખોને ા ઠંડક એજ આપાણને એવા કેબલા હજુર રહેવાની અગત બતાવી આપેછે. વલી ગત આ દેશ એટલે હીદુશતાન જેવા માં આપણને જરૂરની છે. આપણા । હમેશા આજારી માણસોને માટે વધારે પશંદ કરેછે. એવી સખાતરતો આપણી મુંબઇ બાતે ટાં ભાડાંવો ભરેછે. એવી હવાની ોને જે મોટી અગત હતી, તે અગત મરનાર શેઠ મેરવાનજી પાંડએ આપણને પુરી પાડેલીછે પણ તયારે જે ચીજથી આપણી તનદરોશતીને આટલો ફાયદો થાય, જે નાથી આપણને તે શાહેબની બનાવટોનો મોતબર ખયાલ ઉતપન થાય તેવી ચીજો સનમુખ ઉભા રહી બંદગી કરવામાં આપણને શાની અડચણછે. પાણી, એતો આપણને સઉથી પેહેલી અગતની ચીજછે. પાણી વગર આપણ એક ડગલું પણ ચાલી શકતા નથી. દરેક કામમાં પાણી પેહલી અગત ધરાવેછે. અને એ અગતની શાબેતી આપણને આપણી પુરથવી ઉપરના પાણીના વીસતાર ઉપરથીજ જણાઇ આવે છે. આપણી પુરથવીનો પોણો ભાગ પાણીથી ભરેલોછે, તો તે શું કંઈ આપણી થોડી અગતનો હશે. આ દુનયાના મહાસાગરો, દરીઆવો, નદીઓ, નાલાંવો, ઝરાવો, તળાવો, કુવાવો વગેરે ખારાં અને મીઠાં પાણીની જગી આવો કોઇપણ દેશ યા મુલકમાં માણુસજાતના વપરાશથી નકાંમી રહેતી નથી. ટુકમાં પાણી અને રોશની એથી તો માણસની જીંદગીછે. એ બે વગર આપણી જીંદગી એક પળ પણ નીભી શકતી નથી, તો પછી આવી આપણી જીંદગીના ખોરાક જેવી ચીજોને આપણે એક બારગી વખાણીએ અથવા આરાધીએ તો તેમાં શું ખોટુંછે. ? હમો હમારા જરતોશતી ભાઇ બેહેનોને નદી અથવા દરીઆને કીનારે જઇ તયાં ફુલ, નાળીએર કે દુધ સાકર વધાવવા તેમજ લાડવા પોળી ચઢાવવા કે દરીઆ અથવા નદી પાસ ગુઠણપર પડી કે ઓવરનાં લઇ ધન દોલત કે સુખ માંગવાની ભલામણ કરતા નથી. એવી બુરી રશમનો હમુને ધીકારછે એ બુરી રશમજ આપણને પારકાવોમાં તથા જુદદીનોમાં એક જુઠો કલંક લગાડેછે, માટે એવી રશમો દુર કરવા ખાતર આપણા લોકોને માતર બંદગીના ફાયદા શમજાવવાની વધારે જરૂરછે.

જરથોસતી ધરમનાં ફરમાનોની ખુબીઓ વીશે ગયા ત્રણ અંકોમાં હમોએ જે કાંઇ જણાવયું તે સઘલું એક સાધારણ વીચાર શકતીને આધારેજ હતું. હમોએ તેમાં કોઇ પણ અવસતાની શાહદત ટાંકી બતાવી નથી. અવસતાની શાહાદતો આ હમારા વીષયનો જોકે અગતનો ભાગછે, તેટલું છતાં હમોએ તે ભાગને તદન નીરાલો રાખયોછે. આજ રોજે હમો શુરય જેને આપણ ખોરશેદને નામે ઓલખીએ છીએ તેના ઉપર બે બોલ બોલવા માગીએ છે. આપણ જરથોસતીઓ ઘણું કરી સહવારને પોહોર ખોરશેદ મેહેરની નયાએશ કરીએ છીએ. ખોરશેદ એને પણ આપણે એક ફેખલા તરીકે ગણીએછે. હમોએ ગયાજ અંકમાં જણાવયું હતું કે પાંણી અને રોશની વગર આપણી જીંદગી એક પળ પણ નીભી શકતી નથી. આ ફેખલો આપણી પુરથવી સાથ વધારે અતલગનો તાલુકો ધરાવેછે. ખોરશેદ એ સઘલા ગરેહોમાં સરવેથી મોતેબર દરજજો ધરાવનાર ગરેહેછે, એનાથી આપણી પુરથવી ઉપર દાહાડો અને રાત થાયછે. એના વડે આદમીઓ તેમજ જાડપાનો આ દુનીઆની હસતી ભોગવી શકે છે. આ દુનીઆની સઘલી રોશની, ગરમી તેમજ સઘલા આતશોનું એ મુલછે, એનાથી આપણી પુરથવીને નહી પણ તેની આસપાસના બીજા ગરેહોને પણ રોશની પોહોંચેછે. એની ખુબીઓને જેમ હાલની સઘલી કોમો વખાણે છે, તેમ અસલના લોકો પણ તેને વખાણી ગયાછે, જેની શાહદતો પુરાણા પુસતકો ઉપરથી મલી આવેછે, પણ તે સઘલું ન જણાવતાં હોમરની ઇલીઅડમાંથી એક પાદરીના બોલોજ ઉતારી લઇએછે, એ પાદરી શુરય પાસ મદદ માંગવાને નીચે મુજબ અરજ કરેછે.—

"O Smintheus! sprung from fair Latona's line,
Thou guardian power of Cilla the devine,
Thou source of light whom Tenedos adores,
And whose bright presence gilds thy Chrysa's shores,

* * * * *

God of the silver bow! thy shafts employ,
Avenge thy servant, and the Greeks destroy."

સાર—"અરે શુરય! ખુબસુરત લેટો, નાના કુલ, ઇશ્વરી સીલાના રક્શણનો કરનાર, તું રોશણીના મુલ, જેને ટેનીડશ લોકો માને છે, તથા જેની ચલકતી હાજરી (રોશની)ઓ તારા કરાઇશાના કીનારાને રોશની આપેછે?... રુપેરી કાંમઠાના ખોદા! તારાં કાંમઠાંઓ વાપર, તારા ચાકરનો કીનો લે અને ગ્રીકોનો નાશ કર"?

પણ હવે એ અસલી વીચાર છોડી હાલના વીદવાનો શું કહેછે તે તપાસીએ. પ્રોફેસર* ટીનડલ નામનો વીદવાન જણાવેછે કે:—

"એએ શુરય બલતા પાહાડોનું ફાટવું, અને ભરતી ઓટના ખુદરતી બનાવો શીવાય અમારી પુરથવી ઊપર બનતા સઘલા બનાવો તારાથી ઉતપન થાયછે. તું ઇંદરીય અને નીર ઇંદરીય જીવવાલા અને બીજી સરવે કુદરતી શકતાઓનું મુલછે. દરીઆના પાંણી બંધાઇ ન જતાં પ્રવાહી રુપમાં જલવાઇ રહેછે, એ તારા પરતાપછે. તારાજ પરતાપથી હમારી વાતા વરણ પોતાનું વાયું રુપ જાલવી રાખેછે, દરીઆમાં અને વાતા વરણમાં ઉતપન થતાં તોફાંનો તારી શકતીથી ઉભાં થાયછે. તારીજ શકતીથી પાંણી અને બરફની નદીઓ પાહાડો ઊપર પોતાનું વેહેવું કરેછે, પાંણીના મોટા ધોધો અને બરફનાં મોટા પ્રવાહો તારાં બળને આભારીછે,

---

* આ ફકરો એરવદ જીવનજી મોદીએ ગ્યાન પ્રસારક સભા હજુર કરેલાં ભાશણ ઉપરથી ઉતારયો છે.

તારાંજ બળને ગગડાટ અને વીજલી આભારીછે. આ પુરૂથવી ઉપર બળતા દરેક આતશ, આ બેહોલી ધરતી ઉપર બલતો દરેક ચેરાગ પોતાની ગરમી અને રોશનીનાં મુળ તરીકે અએ બલવંત આફતાબ, ખુરશેદ નેજ માનેછે."

હવે હમારા દરેક વાંચનારની ખાતરી થશે કે શુરયને આપણ જરથોસતીઓ કેબલા તરીકે જે માન આપીએ છીએ તેને તે કેટલો લાયકછે. ઊપર જણાવેલા બંને ફકરાઓ ઉપરથી શુરય એ આપણી દુન્યાંની સઘલી રોશનીઓનું મુળ સાબેત થાયછે. રાતના દવથી કરમાયલાં તથા જુલાઈ પડેલાં ઝાડપાનો એનીજ રોશનીથી તાજાં થાયછે, એના પ્રકાશથી આપણુને વખતની ગણત્રી કરવાને બની શકેછે. એ ગ્રહનાં કદ ઉપરથી તે મહાત્માની સાહેબની બેહોલી શકતીની આપણુને સમજ પડેછે. એની રોશની વડે આપણી પુરૂથવી પરની રાતના દવથી ભીની થયલી હવા સવચ્છ બનેછે, એની રોશનીથી આ દુન્યાંના સઘલાં ઝાડ પાનો હસતી ભોગવે છે, એ આપણુને ચેરાગની તેમજ આતસની ગરજ સારેછે. આ દુન્યામાં એજ આતસ સરવેથી અમરગછે. આપણા ઘરમાંનો આતસ એમાંથી ઉતપન થયલોછે. માટે ચેરાગ અને આતશ કરતાં એનો દરજજો મોતેબરછે. જરથોસતી ધરમમાં આતસની સાચવણીને માટે ઠામેઠામ તાકીદો કરેલીછે, તેજ આપણને દેખાડી આપેછે કે તે આપણુને કેટલો ઉપયોગીછે, તથા તેને આપણ કેટલા આભારી છીએ. રોશની વગર માણુસ છતી આંખે આંધલો બનેછે, તો પછે આખાં દુન્યાની રોશનીના મુળ ને કે જેનાથી આપણને રોશની મળવા સાથે આપણી જીંદગીને જે તાજગી મલેછે, તેને માટે આપણે તેને વખાણીએ, તથા તેના ઊપરથી તેના બનાવનારની સીફત ગાઈએ તથા તે સાહેબની બનાવટોમાં તેને મોતેબર ગણી એક નુરમંદ કેબલા તરીકે તેને પીછાણીએ એ બરૂજ આ દુન્યામાં હસતી ભોગવનાર દરેક માનવીને ઘટારતછે, એ કેબલો એવોછે કે એની હસતીથીજ આપણી હસતીછે, અને એટલાજ ખાતર દરેક કોમવાલા તેને માન આપે છે. જેમ આપણા જરથોશતીઓનાં ધરમનાં મકાંનોમાં, તેમજ હીંદુ, મુસલમાન, ખ્રાસ્તી, વગેરે કોમોનાં ધરમનાં મકાંનોમાં આતશ યા ચેરાગની પેહેલી અગત છે. એ આતશ અને ચેરાગ એ માહા પ્રકાશીત ગોળાની પેદાસછે. આપણુને આતસ અને ચેરાગની આપણી જીંદગી નીભાવવાને પાણીના જેટલીજ જરૂરછે. માટે એની સનમુખ ઉભા રહી આપણ જરથોસતીઓ એની તારીફમાં તે સાહેબને જે દુવા ગુજારી કરીએ છીએ, તથા તેની બેહોલી શકતીપર આફરીન કરીએછે, તેમા કંઈજ નહી પણ એવા કેબલાથી આપણુને થતા ફાયદાઓનો આપણે ઉપકાર માનીએ છીએ.

વલી આપણા ધરમમાં આતશની જાળવણીને માટે જે તાકીદો કરેલી છે. તે ઉપરથાં આપણે તેને શુખડનો ખોરાક આપી હમેશાં જાગરૂત રાખીએછે, આપણા આતમાને જેટલી ખોરકની જરૂરછે, એટલી જરૂર આતશને તેના ખોરાકનીછે. પણ જો તે ખોરાક તેને પુરો નહી પાડીએ તો તે તરત બુજાઈ જાયછે, અને તેના બુજાવાથી આપણુને તેના વગર બેસી રહેવુ પડેછે, આપણે જેમ શુરયની પુજા કરતા નથી તેમ આપણ આતસ યા ચેરાગની પણ પુંજા કરતા નથી. આપણ તો માતર તેના ઉપયોગને માટે તેની સાચવણી કરીએ છીએ. કેમકે એ આપણી જીંદગાને વધારે અગતયનો છે. એક ચેરાગ આપણુને અંધારામાં એક મદદગાર થઈ પડેછે. ઘણીકવાર તેનાથી આદમીઓના જાનો બચેછે, એના ગેરહાજરીમાં આપણે નહી ધાસતી!! ધાસતીમાં આવીએછે. રાતને સમે આપણાં આસપાસ સેંકડો આદમી હોય, પણ જો આપણા પાસ બતી નહી હોય તો, આપણુ આસરા વનાના થઈ પડયેછે—નાહીમત બની જઈએછે, પણ એ વીર હાલે દાખલા દલી-

સા સાથ વીશનારીને લખવાની જરૂર જણાતી નથી. શુરય, આતશ અને ચેરાગને આપણુ કેબલા તરીકે ગણી તેની સનમુખ ઉભા રહી આપણે આપણી બંદગી કરીએછે, તેજ આપણુને તે ગેબી સાહેબની વીછાણુપત કગવવાને પુરતુ છે. એ દેખનાને જેમ હીંદુઓ અને બીજી કોમવાળાઓ ભોગ આપેછે, માનતાઓ ચઢાવેછે, ટીલાં ટપકાં કરેછે, અને તેમની માનતાઓ કરેછે. તેવું આપણે કરતા નથી, કારણકે જરથોસતી ધરમમાં એવી પુંજા તથા માનતાને ધીકારી કાઢેલાં છે કારણ કે એ કાંમો તે દેવ પરસતીને લગતાંછે. આપણો ટોલો તો એકજ ખોદાને માનનારો છે, અને એટલાજ પરથી આપણ શુરય ચંદર, આતશને માનનારા તેમજ પાંણી અથવા દરીઓ પુંજનારા કહી શકતા નથી.

શનીવાર, તા૦ ૨૫ મી મારચ શને ૧૮૮૨.

આગલા અંકોમાં આપણા ધરમનાં અગતનાં ફરમાનો બજા લાવવાથી આપણુને તેમજ આપણી તનદરોસતીને થાતા ફાયદાવો વીશે બોલી ચુકાછે, આજ રોજે એ બાબદને લગતી માતર એકજ બાબદ જણાવી આ બીના ખતમ કરીએ છીએ, આપણી તનદરોસતીની જાલવણીમાં ચોખાઈ એ સૌથી અગતનું સાંધનછે, અને તે વીશે આપણાં જરથોસતી બાળકોને બચગીથી સમજાવવાની જરૂરછે. પણ હમો દલગીરી સાથ જણાવીએ છીએ કે આજ લાંબો વખત થયો આપણાં બાળકોને રાહનુમાય સભા તરફથી જે કેળવણી આપવામાં આવેછે, તેમાં એ અગતની બાબદમાં વધારે એ દરકારી કરવામાં આવતી જણાયછે, આપણાં બાળકોને ચોખાઈ વીશે જે શીખાડવામાં આવેછે તે તો માતર તેવો નીશાળોમાં શીખેછે તેવુંજછે. નાવા ધોવામાં શોજા શાજા કરવામાં, તથા હાથ મોનુ ધોવામાંજ કંઇ ચોખાઈ કહેવાતી નથી, એવી ચોખાઇ તો દરેક કોંમમાં સાધારનછે. પણ જરથોસતી ધરમમાં ચોખાઇને લગતાં જે ફરમાનો આવેલાંછે, તેનાથી આપણી જીંદગીને મોતેબર ફાયદાવો થાયછે, આવાં ફરમાનો જરથોસતી ધરમ શીવાય કેથેથી પણ મળી શકતાં નથી, જુવો એ વીશે એ ધરમમાં કેવાં કેવાં ફરમાનોછેઃ—

આપણુને સહવારને પોહોર તરો લેવાનું ફરમાનછે. હમણાંના કેટલાક સુધારાવાલાવો આ ફરમાનની દરકાર રાખતા નથી. સુધાગવાલાવો તેમાં એક જાતની છીત શમજેછે. કારણ કે તેવો એ નીરંગથી થાતા ફાયદાવો શમજતા નથી. એ નીરંગના ફાયદાવો આજે મોટા મોટા વીદવાનો પણ કબુલ રાખેછે. વળી એ સાથ આગલ કેટલાક સાહેબો એ વાતની છીત કરતા હતા તેવો આજે તે છીત છોડી દઈ એ ફરમાનને માથે ચઢાવવા લાગયાછે, આજે એ નીરંગની ખુબીઓ તથા તેમાં સમાયલાં તતવો રસાયણ સાસતરથી પુરવાર થયલાંછે, એનાથી સઘલી પલીદી, નજીસાઇ અને રોગો નાબુદ થાયછે, અને ટુંકમાં આપણી તનદરોસતીના એમાં મોતેબર ફાયદાઓ શમાયલાછે, એની ખુબીઓ, ફાયદા તથા એને લગતાં ફરમાનો અને શાહદતોને માટે દસતુરજી જામાસપજીની નીરંગને લગતી વાયજ હમો હમારા વાંચનારાઓને આપી વાંચવાની ભલામણ કરીએછે.

જરથોસતી ધરમમાં ચોખાઈને લગતુ બીજું ફરમાન દીલની સફાઈ રાખવાનુ એટલે નાહાવા ધોવાનુછે, અને એના ફાયદાતો હમારા સઘલા વાંચનારાં સાહેબો શમજેછે, માટે એ વીશે કશું જણાવવાની જરૂર નથી, પણ જરથોસતી ધરમમાં ચોખાઇને લગતું જે એક અગતનું ફરમાનછે, તે ઉપર બે સખુન બોલવા હુ-

મો દરસત વીમારીએ છીએ. આ ફરમાન એ છે કે આપણા ધરમમાં આપણને મોહડાંમાં હાથ ઘાલવાની અથવા એવીજ બીજી ચીજો મોહડાંમાં પકડવાની મનાઈ કરેલીછે, તથા મોહડાંને લાગેલા હાથ ધોયા વગર બીજાને નહીં લગાડવાની તાકીદ કરેલીછે, આ બાબદમાં પણ આજના સુધારાવાળાઓ ઘણાજ બેદરકાર રેહેછે તેઓ બેધરક મોહડાંમાં હાથ ઘાલી તેજ હાથો સઘલી ચીજોને લગાડેછે, તથા કહેછે કે "એમાં શું ગઈ ગયું" પણ તેઓ આમ કહેછે, તેનું માતર એકજ કારણછે, અને તે કારણ તે મોહડાંના હાથ બીજાંને લાગવાથી નીપજતી ખરાબી વીશેનું તેમનુ અગ્નાનપણુંછે. પણ વધારે દલગીરી તો એમ ઉપજે છે કે એવી નજીસાઈથી ઉપજતી ખરાબીઓના દાખલા તેમની નજર આગળજ બનેછે, તો પણ તેઓ તે પર ધ્યાંન આપતા નથી. દહાડે દહાડે કેટલાકો એ બાબદમાં વધારે બેદરકાર બનતા જાય છે. આજે આપણામાં એવી નજીસાઈ ઘણી વધી પડી છે, અને તે આજના ખોટા સુધારાનું પરીણાંમ છે. આપણને પીશાબ કરવા પછે, મોનુ ધોવાનું ફરમાન છે, તેનું કારણ હમે આગલ જણાવી ગયા છીએ. નહાવાથી આપણું બદન સાફ થાય છે, જીવને કરાર થાય છે, તથા આલસાઈ અને થાક દુર થાય છે, શરીરને એકાએક ઉડતો રોગ અથવા ચામડીનો રોગ લાગુ પડી શકતો નથી, આપણા મોનાને લાગેલા હાથો આપણને બીજી ચીજોને લગાડવાની મનાઈ છે તેનું કારણ એ છે કે આપણાં મોંનાંની લબ જો આપણા હાથને લાગી હોય અને ધોઈએ નહી તો તે લબની ગરમી આપણા બદનના જે ભાગને લાગી હોય તેને નુકસાંન કરે છે. એજ ઉપરથી આપણને પાણી પીતી વખતે કરશીઓ અથવા કઠલી ઉંચો રાખવાની ફરજ પડે છે, " ચાય અને દારૂનાં કાંસીઆ ફુલીઆં તથા નાલાં રકાબી અને ગલાશ ધોવાની જરૂર છે. હાલમાં કેટલેક ઠેકાંણે ગલાસ ટમલરો પાણી પીધા પછે ધોવામાં આવતાં નથી, એજ માફક કેટલાક સુધારાવાળાઓ એક બીજાંના અજીઠાં ગલાશોમાં દારૂ પી પોત પોતામા અરસ પરસનો પ્યાર બતાવેછે, તથા એક બીજાંની તનદરોસતી ઈછે છે. પણ તેજ સલાંમતી તેમની તનદરોસતીને જે છુપું નુકશાન કરે છે, તેનો તેમનાં મનમાં ખયાલ પણ આવતો નથી, એનું કારણ માતર એકજછે, અને તે એકે સઘલાનાજ મોનાંની લબ એક સરખી હોતી નથી, તોપણ તે પીછાણવાની આપણામાં શકતી નથી એટલા ખાતર આપણને સઘલીજ ગમથી ધ્યાંન આપવાની જરૂરછે, આપણે જાણીએછે કે વાઘ અને સીંહ ફાડી ખાનારાં જનાવરછે, એટલું છતાં તેઓ પલાઈ શકેછે, તોપણ આપણી તો ફરજછે કે તે પલાવલાં હોય કે જંગલી—ભુડાં હોય કે ભલાં—રાંક હોય કે ઘાત્તકી તોપણ તેનાથી દુર રહેવું. આ દુન્યાંમાં દરેક બુરી ચીજને ગમે તેમ સુધારશું પણ બાજે વખત તે પોતાની જાત (અસર) પર જયા વીના રહેતી નથી, જેના દાખલાઓનો આપણી પાસે ટોટો નથી. વાઘ અને સીંહ જેવાં ઘાતકી પરાણીઓ માણસો સાથ હલી જવા પછે, લાંબે વખતે તેઓએ પોતાની ખાશીયતો બતાવી પોતાના પાલનારનો જીવ લેવાના દાખલા પુશકલ બનેલાછે, આ દુન્યાંમાં ઘણીવાર ભુડાં માણસો પોતાની મતલબ હોય ત્યાં સુધીજ આપણી સાથ ભલા થઈ રહેછે. પણ આખરે તેઓ પોતાની ખાશીયત બતાવવાને ચુકતા નથી, અને એટલાંજ ઊપરથી આપણી તનદરોસતી જાલવવાને અરથે આપણને દરેક માણસના મોંનાંને લાગેલી ચીજોથી અલગ રહેવાની જરૂરછે. જે ચીજ નુકશાંનકારક હોય, ને તેને આપણ જાણતા હોઈએ તેનાથી તો આપણ દુર રહીએ છીએ, પણ જે ચીજો માંહેલી કોઈ કોઈમાં અનદીઠ બુરાઈ સમાયલી હોય તેનાથી દુર રહેવા ખાતર તે સઘલી ચીજો આપણે તરક કરવી જોઈએ.

હમણા આપણા લોકો માહેલા કેટલાકો શું નહાના કે મોટાવો સીસાં પેનથી લખતી વેલા વારમવાર પેનસીલ મોમાં ઘાલેછે. હવે આથી કેવું નુકશાન થાયછે, તે તેવો શમજતા નથી, પણ શામાં બેહાઇથી કહેછે કે "એમાં શું અજીઠ વટાર થયુ" આમાં અજીઠું જેવું દેખઈતું જણાતું નથી, પણ ચોખાઇના કાનુન મુજબ એનાથી આપણુને જે નુકશાની થાયછે, તે ઘણીજ ભયકારછે, એમ વારમવાર જબાં સાથે સીશું ગસાવાથી, જબાપર તેનો કશ ઓગલેછે, અને તે કસ આપણાં શરીરમાં જાયછે, અને તે આપણુને નુકશાંન કરેછે. ઘણાકોને એની અસર થતી નથી તે પરથી એ વાત લોકની જાણમાં આવતી નથી, વલી એથી બીજી નુકશાની એ થાયછે કે ઘણીક વાર એકજ પેનસીલથી ઘણા જણ મોમાં ઘાલો લખેછે, તેથી તેને એકબીજાની લાગેલી લબ બીજાવોમાં મેલાયછે. આવી રાતે એકબીજાનાં મોને લાગેલી ચીજો મોંનાંને લાગવાથી રોગો ઉતપન થાયછે, એટલુંજ નહી. પણ બાજે વખતે સારાં તનદરોસતી વાલાં માણુસો એકદમ ઓચાંતાં મરી જાયછે. જેનો માતર ટુકમાં અતરે એકજ દાખલો આપીએછે:—

થોડાજ વખતની વાત ઊપર યુરોપ ખાતે એક સારો તનદરોસતી વાલો ધણી ઓચીંતો મરણુ પાંમ્યો હતો. આ ધણીને મરવાની થોડોજ વખત અગાઉ એક આવતા દોલત મલેલી હતી, જેથી તેનાં મોહોત વીશે તરેહવાર શંકા ઉતપન થઇ. લોકો એવુંજ માનવા લાગ્યા કે આએ ધણીને તેનો આઈતો દલલો લેવા ખાતર કોઇએ ઝેર આપ્યું હતું. આ ધણીની લાશપર બેઠેલા જુરી પણ તેના મોહોતનું કારણ શોધ કરી શકાં નહી. થોડોક વખત નીકલી ગયો, જે અરસામાં આ વાત લોકો ભુલી ગયા, પણ ત્યાંનાં કેટલાંક ખટપટયાં ભેજાંવોએ એને લગતી પોતાની તપાસો જારી રાખી, અને અંતે આ મરણનું ખરૂં કારણ બાહાર આવ્યું. તપાસ કરતાં એવું માલમ પડયું કે એ મરનારને જે આઇતો દલલો મલ્યો હતો તે એક ઘણુંજ બખીલ માણસનો હતો. તે રોજ પોતાની નોટોના ચોરા ગણી જોતો હતો. આ ટેવ તેને છેક મોહોતની ઘડી સુધી ચાલુ રાખી હતી. જયારે તે મોહોતને બીછાણે પડયો ત્યારે પેલી નોટો ગણુતાં તેનાં ડીવની રસી પેલી નોટોને લાગ્યા કરતી હતી, પણ તેની કોઈને ખબર હતી નહીં, અંતે પેલો મરી જવા પછે, તેનો કોઈ હકદાર વારસ નહીં મલવાથી આખરે સરકારે તલાશ કરી આ ઓચીંતા મરી જનાર સખસને બહારથી શોધી લાવી પેલા બખીલની દોલત તેને સવાધીન કરી હતી, જેણે થોડા દહાડા પછી પેલા બખીલની દોલત વગેરે સઘલું તપાસી લાધું. પેલી નોટો દબાવાથી એકબીજીને વલગી રહેલી હતી તેથી પેલાએ મોંનામાં જીભપર આંગલી ફેરવી ફેરવીને ગણવા માંડી, (આ મોનાંમાં આગલાં ઘાલી ગણવાનો ચાલ અંગરેજોને જોઈ અતરેના વોરાવો તેમજ કેટલાક પારશીઓ શીખ્યાછે. ખસ તેવો કંઇ કાગજ કે ચોપડીનાં પાનાં કે નોટોના ચોરા ગણેછે ત્યારે મોમાં આંગલી ઘાલી અકેક અકેક ફેરવતા જાયછે.) જેથી પેલી નોટોને લાગેલી રસી પેલાનાં મોનામાં ગઈ, અને તે ઝેરી રસીની અસરથી પેલો સખસ ઓચીંતો મરણુ પાંમયો, અને અંતે પેલા મરનારનું મોહોત નીપજવાનું એજ કારણુ સીધ થયું.

હવે આટલાંજ ઊપરથી આપણા ચોખાઇને લગતાં ફરમાંનોની શાહાદત મલી શકેછે, આતો માતર એકજ દાખલોછે, પણુ એવા કોણજાણે આસપાસ કેટલાવો બનતા હશે, પણુ આપણા લોકોમાં એવી એવી બાબદોની જોશતેજો કરવાની તમે નહી હોવાથી એવી રીતે નીપજતી ખરાબીઓ આપણુ જાણી શકતા નથી કોણુ જાણે આપણા લોકોના આવા અજીઠવેહારથી કેટલાવો જાનની ખુવારી થઇ હશે અને

થતી હશે. આવી આવી બગાડીઓ અટકાવવાના ઉતમ મારગો આપણને આપણાં ધરમનાં ફરમાનો બતાવેછે. આપણા એ મોતેબર ધરમનાં ફરમાનોની બારીકીઓ આપણા બાલકોને આવા વખતમાં શીખાડવાની વધારે જરૂરછે. આપણા એ ફરમાનોની ખુબીઓ ઉપર દરેક અગીઆરી, આતશબેહરામ અને જરથોસતીઓથી ચાલતી નીશાલોમાં વાયજો થવો જોઈએ. આપણા દરેક ફરમાનો આપણી તનદરોસતી સાથ અતલગનો સંબંધ ધરાવનારાંછે. બાજ ધરીને જમવું. પાણી અને શુરજની સનમુખ ઉભા રહી બંદગી કરવી, આતશની જાલવણી કરવી, આપણું તન સાફ રાખવું, અજીઠાં વાંસણ તેમજ અજીઠા હાથ ધોવા વગર કશાને લગાડવા નહી, એ સઘલાંના ફાયદા જોઇશું તો તે સઘલા આપણાં સુખનેજ લગતાછે. હમોએ જોકે આ વીષયમાં નવું અજવાલું કશું પાડયું નથી. હમોએ નવું કંઇજ જણાવ્યું નથી હમેતો જે જણાવવાનુ હતું જે બાજવો જાણે છે, પણ તેવો ભોનાં ભોલાને જણાવતા નથી તેજ જણાવ્યું છે. આટલું લખી હમો કોઈપણ રીતે ધરમ બોધ કરનારનું ડોલ બતાવવા માગતા નથી. હમોએ તો માતર હમારી ફરજ બજાવીછે, પણ એ સઘલાં ઊપર એતેકાદ રાખવો યા નહી તેતો વાંચનારને હાથછે. હમારે આટલું તો કબુલ કરવું જોઇએ કે હમારા આ વીષયને હમારાથી ઘટતો ઇનસાફ અપાયો નથી આ વીષય કોઇ સારી કલમ વાલાને હાથ જવો જોઇતો હતો, કે જેનાથી એ વીષયને ઘટતા ઇનસાફ સાથ પુરતો સણગાર મલતે. ખ્રાસતા નીશનરીઓ ખુબ બરાડા મારી લોકોને શમજાવેછે કે "હમારો ધરમ સારોછે—હમારા ધરમમાં બંદગી કરવાથી પાપ માફ થાયછે, વગેરે." પણ આપણો જરથોસતી ધરમ આવો દાવો કરતો નથી. જો એમજ પાપો માફ થતાં હોય તો આ દુન્યાંમાં ધમ ધોકાર લુચાઈ, જુઠાણું અને અનીતી ચાલે. આપણાં ભુડાં કે ભલાં કામનો ઇનસાફ અથવા બદલો આ દુન્યાંમાં છેજ નહીં. માતર તે જહાંનનાં સુખને માટે ધરમની રૂએ આપણે માથે જે ફરજો પડેલીછે, તેનેજ અનુસરી માતર પેલીજ જાહાનનું સુખ મેલવવાનો આપણે મારગ પકડવો જોઇએ, એને માટે એક લખનાર ફુલો ઉપર એક કવીતા લખતાં એક ઠેકાણે જણાવેછે કેઃ—

God gave to them their colours bright;
To us faith, hope and love,
And bade us leave the things of earth,
And seek the things above.

સાર—ખોદાએ ફુલોને (તેમની શોભાને માટે) રંગો આપ્યાછે. આપણ (આદમીઓ)ને એકીન, આશા અને પયાર આપેલાંછે. તથા આપણને આ (ફાની) દુન્યાંની ચીજો (લાલચો) છોડી દેવાને તથા પેલી જાહાનની (ચીજો) સુખના મારગો સોધવાને ફરમાવેલુંછે.

સમાપ્ત.

જાહેર ખબરો.

છપાઇ બાહેર પડીઊં છે.

તુતી નામું

ઇઆને

એક બોલતા પોપટે એક ઓરત આગલ બાવન રાત સુધી કીધેલી દીલપસંદ અને ચાલાક આપનારી નજદીક પોનોસો વાતો.

આએ નામુ ઇ. સ. ૧૮૪૮માં છપાયું હતું, પણ હમણાં તેની અછત હોવાથી એક જાણીતા લખનાર પાસે સુધરાવીને ફરીથી છાપવામાં આવયું છે. તેમાંની વાતો—જે એક ઓરતને બુરે મારગે જતી અટકાવાને તેના અસલ બનાવનારે એક પોપટને મોહોડે થતી બતાવી છે—તે વાતો "એરેબીયન નાઇટસ"ની માફક ગોઠવવામાં આવી છે. એટલું છતાં આએ અસલ નામાંની ખુબી ચુંથાય નહીં તેની ઘટતી સંભાલ રાખવામાં આવી છે. આએ નામાંની કેટલીક વાતો ઘણીજ નશીયત લેવા જોગ છે. સરવેને વાંચવાને બની આવે માટે એબારત પણ સાદીજ રાખવામાં આવી છે. વધુ વીગત એના છુટા છપાએલા ચોપાનીઆ ઉપરથી માલમ પડશે.

કીંમત રૂપીઆ ૨. પોશટેજ આના બે.

ઠેકાણું—અલાયન્સ પ્રીન્ટીંગ પરેસ, નાં૦ ૭ મરીન સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

હુખ મજદયસ્નનાંમ

યાને

મજદયસ્નીઓનો દોસ્ત.

આ પત્ર દર અહોરમજદ—દેપાદર—દેપમેહેર અને દેપદીન રોજની સહવારે પ્રગટ થાએછે.

આ પત્રની કીંમત નીચે મુજબ ઠરાવીછે અને તે આંગ ઊપર લીધામાં આવશે.

મુંબઇનાં ઘરાકો પાસે વરસના રૂ૦	૩	૦	૦
૬ માસનાં......................	૨	૦	૦
૩ માસનાં......................	૧	૪	૦
છુટક નકલના......................	૦	૨	૦

દેશાવરના ઘરાકો પાસેથી ટપાલ ખરચ સાથે રૂ૦ ૪॥) લેવામાં આવશે.

જાહેર ખબરનો ભાવ.

૧ થી આઠ લાઈન સુધીનો પેહેલીવારનો રૂ	૧	૦	૦
ફરીથી છપાવેતો......................	૦	૮	૦

સઘલા મની આરડરો, ચેકો, કાગલો, હુંડી વગેરે કોટમાં અલાયન્સ પ્રીંટીંગ પ્રેસ નંબર ૭ વાલા ઘરમાં "હુખ મજદયસનનામ"નાં મેનેજરને નાંમે મોકલવાં; અને પત્ર સંબંધી કાગલો એડીટર જોગાં એજ પ્રેસમાં મોકલવાં.

આપણાં ધરમનાં ફરમાનોમાં સમાયલી ખુબીઓ અને તે નહી શમજવાથી નીપજતી ખરાબીઓ.

——(૦)——

"હમ્મજદયસ્ન નાંમ" નામનાં પતરમાં જુદે જુદે વખતે

છપાયલી બાબદોનો સંગરહ.

વધારા તથા સુધારા સાથે.

કીંમત એક આનો.

ઠેકાણા—કોટમાં અલાયનસ પ્રીંટીંગ પરેશ—ધોબીતલાવ ઉપર વરતમાન પરેસમાંથી મળશે.